## કર્મચારીઓ માટે માહિતી

Ontario

# કામના કલાકો અને ઓવરટાઈમના પગાર વિશે

1 માર્ચ, 2005

*એમ્પ્લોયમેન્ટ સ્ટૅન્ડર્ડ્ઝ ઍક્ટ, 2000ની કલમ 21.1 માં અપાયેલા નિર્દેશ મુજબ ડાયરેક્ટર ઑફ એમ્પ્લોયમેન્ટ સ્ટૅન્ડર્ડ્ઝ (રોજગાર અંગેનાં ધારાધોરણોના નિયામક) તરફથી આ દસ્તાવેજ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.* ***આ દસ્તાવેજ કાળજીપૂર્વક વાંચશો અને તમારા અધિકારો વિશે તમે બરાબર સમજ્યા છો તેની ચોકસાઈ કરી લેશો.*** *તમારે કશું પૂછવું હોય તો શ્રમ મંત્રાલયનો સંપર્ક કરશો.*

એમ્પ્લોયમેન્ટ સ્ટૅન્ડર્ડ્ઝ ઍક્ટ, 2000માં અમુક કર્મચારીઓ માટે અપવાદો અને ખાસ નિયમો છે.

વધુ માહિતી માટે શ્રમ મંત્રાલયનો મફત ફોન - 1-800-531-5551 પર સંપર્ક સાધો.

**ઓન્ટારિયોમાં નીચે જણાવેલ વિશે સર્વસામાન્ય નિયમો છે**

- કામના કલાકો અને
- ઓવરટાઈમના પગાર

### દૈનિક કામના વધુમાં વધુ કલાકો

તમારે આના કરતાં વધારે કામ કરવાનું નથી

- દિવસમાં 8 કલાક
  **અથવા**
- તમારા નિયમિત કામનો દિવસ 8 કલાક કરતાં લાંબો હોય તો એટલા કલાક.

તમારી ઈચ્છા હોય તો તમે વધારે કલાક કામ કરવા તમારા એમ્પ્લોયરને લિખિત સંમતિ આપી શકો છો. **તમે વધારે કલાક કામ કરવા ન માગતા હો તો તમારે સમજૂતી પર સહી કરવી નહિ પડે.**

### અઠવાડિક કામના વધુમાં વધુ કલાકો

એક અઠવાડિયામાં તમારે 48 કલાક કરતાં વધારે સમય કામ કરવાનું જરૂર નથી.

તમારી ઈચ્છા હોય તો તમે વધારે કલાક કામ કરવા માટે લિખિત સંમતિ આપી શકો છો.

તમે સમજૂતી કરો તો તમારા એમ્પ્લોયરે શ્રમ મંત્રાલયના એમ્પ્લોયરમેન્ટ સ્ટૅન્ડર્ડ્ઝ માટેના ડાયરેક્ટરની મંજૂરી લેવાની રહેશે. **તમે વધારે કલાક કામ કરવા ન માગતા હો તો તમારે સમજૂતી પર સહી કરવી નહિ પડે.**

તમે જો નીચે દર્શાવ્યા પ્રમાણે કામ કરવા સંમત થાઓ :

- **અઠવાડિયામાં 48 કલાકથી 60 કલાક સુધી** – તો, અમુક શરતો સંતોષાતી હોય તો તમારો એમ્પ્લોયર ડાયરેક્ટરની મંજૂરી માટે અરજી કર્યાના 30 દિવસ પછી તમને વધારે કલાક કામ કરવા કહી શકે છે.

- **અઠવાડિયે 60 કલાકથી વધારે** – તમે અઠવાડિયે 60 કલાક કરતાં વધારે કલાક કામ કરો તે **પહેલાં** તમારા એમ્પ્લોયરને ડાયરેક્ટરની મંજૂરી મળી જવી જોઈએ.

ડાયરેક્ટરે મંજૂરી આપી હોય તેનાથી વધારે કલાક તમે કામ ન કરી શકો. તમે કામ કરવા સંમત થયા હો તેટલા કલાક કરતાં ઓછા કલાક કામ કરવાની મંજૂરી મળી હોય તે શકય છે.

તમારા એમ્પ્લોયરે ડાયરેક્ટરની મંજૂરી માટેની અરજી એવી રીતે પ્રદર્શિત કરવાની છે, જ્યાં તમે જોઈ શકો. તમારા એમ્પ્લોયરને ડાયરેક્ટરની મંજૂરી જો અને જયારે મળે ત્યારે, એણે મંજૂરીનું ફૉર્મ પણ એવી રીતે પ્રદર્શિત કરવાનું છે કે જ્યાં તમે જોઈ શકો.

તમે તમારા એમ્પ્લોયરને બે અઠવાડિયાની લિખિત નોટિસ આપીને દૈનિક કે અઠવાડિક ધોરણે વધારે કલાક કામ કરવાની **સમજૂતી રદ કરી શકો છો. તમારો એમ્પ્લોયર પણ તમને વાજબી નોટિસ આપીને સમજૂતી રદ કરી શકે છે.**

## ઓવરટાઈમનો પગાર

તમે અઠવાડિયામાં 44 કલાક કરતાં, જેટલા કલાક વધારે કામ કરો તે દરેક કલાક માટે તમારા એમ્પ્લોયરે તમારા નિયમિત પગાર દર કરતાં 1½ ગણા ઊંચા દરે ("ટાઈમ અને અડધો વધારે") પગાર આપવો જોઈએ. તમે અઠવાડિયે 48 કલાકથી વધુ સમય કામ કરવા માટે લિખિતમાં સંમતિ આપી હોય તો પણ અઠવાડિયાના 44 કલાકની ઉપરના દરેક કલાક માટે એમ્પ્લોયરે તમને ઓવરટાઈમનો પગાર ચૂકવવો જોઈએ.

તમારો ઓવરટાઈમનો પગાર કેટલો થાય તે નક્કી કરવા માટે બે કે તેથી વધારે અઠવાડિયાના ગાળા માટે વધારે કામ કર્યું હોય તેની સરેરાશ કાઢવાની સમજૂતી તમે તમારા એમ્પ્લોયર સાથે કરી શકો છો. તમે લિખિત સમજૂતી કરો તો તમારા એમ્પ્લોયરે તમને વધારે કામ કરવાનું કહેતાં પહેલાં શ્રમ મંત્રાલયના એમ્પ્લોયમેન્ટ સ્ટૅન્ડર્ડ્ઝના ડાયરેક્ટરની મંજૂરી મેળવી લીધી હોવી જોઈએ. **જો તમે તમારા વધારે કામના કલાકોની સરેરાશ કાઢવા ન ઈચ્છતા  હો તો તમારે સમજૂતી પર સહી કરવાની જરૂર નથી.**

આ સમજૂતીઓ પૂરી થવાની અંતિમ તારીખ લખેલી હોવી જ જોઈએ તમે અને તમારો એમ્પ્લોયર બન્ને સંમત ન થાઓ ત્યાં સુધી એ રદ ન કરી શકાય.

## યૂનિયનના સભ્ય બનેલા કર્મચારીઓ

સામાન્ય રીતે, યૂનિયન તમારૂં પ્રતિનિધિત્વ કરતું હોય તો તમારા વતી યૂનિયન જ એમ્પ્લોયર સાથે સમજૂતી કરશે.

## આરામ અને ભોજન માટે સમય

તમારા એમ્પ્લોયરે આટલું તો કરવું જ પડે :

- એક દિવસમાં એ સતત 11 કલાક માટે તમારી પાસેથી કામ ન લે. "દિવસ" એટલે 24 કલાકનો ગાળો. એ તારીખિયાનો દિવસ હોવાનું જરૂરી નથી;
- બે પાળીઓ વચ્ચે 8 કલાક કામ વિના આરામ (જુદી જુદી પાળીઓમાં કામ કરવાનો કુલ સમય 13 કલાકથી વધુ ન થતો હોય તો અથવા તમારા અને એમ્પ્લોયર વચ્ચે કશીક લિખિત સમજૂતી થઈ હોય); અને
- કામના દરેક અઠવાડિયા પછી સતત 24 કલાકની રજા અથવા કામના દરેક બે અઠવાડિયા પછી સતત 48 કલાકની રજા.

વધુમાં વધુ પાંચ કલાક કામ કર્યા પછી તમને ભોજન માટે 30 મિનિટનો સમય પણ મળવો જોઈએ. ભોજનનો સમય બે ટૂંકા ગાળામાં વહેંચી નાખવાની તમારા એમ્પ્લોયર સાથે સમજૂતી કરી શકો છો.

## તમારા અધિકારો સુરક્ષિત છે

નીચે જણાવેલા સંયોગોમાં તમારો એમ્પ્લોયર તમને ડરાવી **ન શકે,** બરતરફ કે અસ્પેન્ડ કરી **ન શકે,** તમારો પગાર ઘટાડી ન શકે અથવા તમને કોઈ રીતે સજા આપી ન શકે તેમ જ એની ધમકી પણ ન આપી શકે :

- તમે દૈનિક કે અઠવાડિક કામના વધારેમાં વધારે કલાકોથી પણ વધારે વખત કામ કરવાની ના પાડો;
- દૈનિક કે અઠવાડિક કામના વધારેમાં વધારે કલાકો કરતાં વધુ કામ કરવાની સમજૂતી કરવાની ના પાડો;
- તમે જેટલા કલાક વધારે કામ કરવા સંમત થયા હો તેના કરતાં વધારે લાંબો વખત કામ કરવાની ના પાડો; અથવા
- ઈએસએ (ESA) હેઠળ તમારા અધિકારો વિશે સવાલો પૂછો.

આમ છતાં તમારી સાથે આવું કશું બને તો શ્રમ મંત્રાલયનો સંપર્ક કરશો. મંત્રાલયના કર્મચારી તમને તમારા અધિકાર સમજવામાં મદદ કરશે, તમારા પ્રશ્નોના જવાબ આપશે અને તમારી ફરિયાદની તપાસ કરશે.

**યાદ રાખો :** જો  યૂનિયન તમારૂં પ્રતિનિધિત્વ કરતું હોય અને તમે માનતા હો કે તમારા અધિકારોનો ભંગ થયો છે તો તમારે શ્રમ મંત્રાલયનો સંપર્ક કરતાં પહેલાં તમારા યૂનિયનના પ્રતિનિધિ સાથે ચર્ચા કરવી જોઈએ.

### સંપર્ક કરવા માટે

- શ્રમ મંત્રાલયના એમ્પ્લોયમેન્ટ સ્ટૅન્ડર્ડ્ઝ ઈન્ફર્મેશન સેંટરને 416-326-71060,   મફત ફોન નં.1-800-531-5551 અથવા બહેરાઓ માટે 1-866-567-8893 પર ફોન કરો.
- સેવાઓન્ટેરિયો સરકારી માહિતી કેન્દ્રની મુલાકાત લો.
- વધારે માહિતી અને મંત્રાલયનો ઈ–મેલથી સંપર્ક કરવા માટે વેબસાઈટ www.labour.gov.on.ca/english/ ની મુલાકાત લો.

esa
employment standards act